


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 137
Dt.: 28-01-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### યુરોપથી આયાત કરાયેલો દારૂ સસ્તો થશે

# ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઈતિહાસની સૌથી મોટી ડીલનું એલાન

## બંને પક્ષોએ મોટાભાગના ઉત્પાદનો પર ટેરિફ મહદઅંશે ઘટાડી દીધો છે, ઘણી એવી વસ્તુઓ છે જેમાં ટેરિફ શૂન્ય પણ કરી દેવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઈતિહાસની સૌથી મોટી ડીલનું એલાન થઈ ચૂક્યું છે. જેમાં બંને પક્ષોએ મોટાભાગના ઉત્પાદનો પર ટેરિફ મહદઅંશે ઘટાડી દીધો છે, ઘણી એવી વસ્તુઓ છે જેમાં ટેરિફ શૂન્ય પણ કરી દેવામાં આવ્યો છે. આ મધર ઓફ ઓલ ડીલથી ભારતના લોકોને મોટો ફાયદો થશે, અનેક વસ્તુઓ સસ્તી થશે તો વેપાર ક્ષેત્રે મોટા લાભથી શક્યતા છે.

શું થશે ફાયદો?

કેમિકલ્સ: યુરોપિયન યુનિયનથી આવતા કેમિકલ ઉત્પાદનો પર લાગતી ૨૨% ટેરિફ નાબૂદ કરી દેવાથી, જેથી કેમિકલ ઉત્પાદનો સાથે સંલગ્ન વસ્તુઓ સસ્તી થશે.

મશીનરી: યુરોપિયન મશીનરી પર લાગતો ૪૪ ટકા ટેરિફ દૂર કરી દેવામાં આવશે, જેનાથી કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રીયલ ઈનપુટનો ખર્ચ ઘટશે.

આરોગ્ય: મેડિકલ અને સર્જીકલ ઉપકરણોમાં ૯૦ ટકા પ્રોડક્ટ્સ પર કોઈ ટેક્સ નહીં લેવાય. જેનાથી હેલ્થકેરનો ખર્ચ ઘટશે. ભારતની જેનેરિક દવાઓ માટે ૨૭ યુરોપિયન દેશોના બજારો ખુલશે.

ફાર્માસ્યુટિકલ્સ: EU ફાર્મા ઉત્પાદનો પર લાગતા ૧૧ ટકા ટેરિફને નાબૂદ કરી દેવામાં આવ્યો

વિમાન અને અંતરીક્ષ યાન: આ શ્રેણીમાં લગભગ તમામ ઉત્પાદનો પર ટેરિફ હટાવી દેવામાં આવ્યો જેથી ઉડ્ડયન અને અવકાશ ક્ષેત્રમાં થશે મોટો

ગ્રીન એનર્જી: આગામી બે વર્ષમાં કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે યુરોપ ભારતને ૫૦૦ મિલિયન યુરો આપશે. ભારતમાં ગ્રીન ટેકનોલોજી અને ક્લિન એનર્જીમાં પ્રોત્સાહન આપવામાં યુરોપ મદદ કરશે.

ફાઈનાન્શિયલ: યુરોપની ફાઈનાન્શિયલ કંપનીઓમાં ભારતીયોને સરળતાથી એન્ટ્રી મળશે.

બેંકિંગ: મેરિટાઈમ, બેંકિંગ, શિપિંગ સેવાઓ સસ્તી થશે.

ઈલેક્ટ્રોનિક: આ ક્ષેત્રે ટેરિફ ઘટતા હવે મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક વસ્તુઓ સસ્તી થશે

સ્ટીલ અને રાસાયણિક ઉત્પાદનો: લોખંડ, સ્ટીલ અને રાસાયણિક ઉત્પાદનો પર શૂન્ય ટેરિફનો પ્રસ્તાવ છે. આનાથી બાંધકામ અને ઔદ્યોગિક ક્ષેત્રો માટે કાચા માલના ભાવ ઘટશે, જેનાથી ઘર બનાવવાનું કે ઔદ્યોગિક માલ ખરીદવાનું સસ્તું થશે.

ઓટોમોબાઈલ સેક્ટરમાં રાહત:

યુરોપિયન કાર: EU થી ભારતમાં આવતી લક્ઝરી કારો પર હાલ ૧૦૦ ટકાથી વધુ ટેરિફ વસૂલવામાં આવે છે જેને તબક્કાવાર ઘટાડીને માત્ર ૧૦ ટકા કરી દેવામાં આવશે, પણ તે વાર્ષિક અઢી લાખ વાહનોના ક્વોટાની મર્યાદા રહેશે. આનાથી ભારતમાં લક્ઝરી મર્સિડીઝ, BMW કે ઓડી જેવી કારોના ભાવમાં ધરખમ ઘટાડો થશે.

ખાવા-પીવાની વસ્તુઓ પર થશે અસર

-ઓલિવ તેલ, માર્જરિન અને અમુક વનસ્પતિ તેલ પરના ટેરિફ ઘટાડવામાં આવશે અથવા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે.

-યુરોપના ફળોના રસ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ પર ટેરિફ શૂન્ય કરી દેવાશે જેથી તેના ભાવમાં મોટો ઘટાડો આવશે.

-બિયર પર ટેરિફ ઘટાડીને ૫૦ ટકા કરી દેવામાં આવશે



-વાઈન પર ટેરિફ ઓછો, હવે માત્ર ૨૦–૩૦% ટકા જ વસૂલવામાં આવશે, જેથી યુરોપના દેશોથી આવતો દારૂ સસ્તો થઈ જશે

-૯૦ ટકા વસ્તુઓ પર ટેરિફ સામાન્ય કરી દેવાશે

ભારતે યુરોપિયન યુનિયન માટે બજાર ખૂલ્યું મૂક્યું :

આ મધર ઓફ ઓલ ડીલથી ભારતે યુરોપિયન યુનિયન માટે બજાર ખૂલ્યું મૂક્યું છે. યુરોપથી આવતી ૯૦ ટકા વસ્તુઓ પર ટેરિફ ઓછામાં ઓછો અથવા તો શૂન્ય ટેરિફ લાગુ પડશે. આનાથી યુરોપિયન નિકાસકારોને વાર્ષિક આશરે ૪ બિલિયન યુરોની બચત થવાનો અંદાજ છે, જેનો સીધો ફાયદો ભારતીય ગ્રાહકો અને સ્થાનિક ઉદ્યોગોને સસ્તા ભાવો અને સારા ઈનપુટ ખર્ચના રૂપમાં થવાની સંભાવના છે.

ભારતીય નિકાસકારોને થશે તગડો ફાયદો :આ વેપાર કરારથી માત્ર વસ્તુઓ સસ્તી થશે જ નહીં, પરંતુ ભારતીય કાપડ, ચામડા અને હીરા અને ઝવેરાતના વેપારીઓ માટે એક વિશાળ યુરોપિયન બજાર પણ ખુલશે. ભારતીય કપડાં પરનો ટેરિફ નાબૂદ થવાથી ભારત બાંગ્લાદેશ અને વિયેતનામને પાછળ છોડીને ટેક્સટાઈટલમાં નંબર વન નિકાસકાર બની શકે છે.

ગુજરાતના કયા કયા ઉદ્યોગોને થશે લાભ?

-ટેક્સટાઈલ અને એપેરલ (કાપડ ઉદ્યોગ)

-કેમિકલ્સ (રસાયણો)

-ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ડિવાઈસ (દવાઓ અને તબીબી ઉપકરણો)

-એન્જિનિયરિંગ ગુડ્સ

-ઈલેક્ટ્રોનિક્સ

-જેમ્સ અને જ્વેલરી (હીરા અને ઝવેરાત)

ભારતને મળશે ૪૫૦૦ કરોડનું બજેટ :ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અનુસાર આવનાર બે વર્ષમાં ભારતમાં ગ્રીન હાઉસ અને ગેસ ઉત્સર્જનની અસરોને ઓછી કરવા યુરોપિયન યુનિયન મદદ કરશે જે માટે ૫૦૦ મિલિયન યુરો એટલે કે લગભગ ૪૫૦૦ કરોડ રૂપિયાની સહયોગ EU કરશે. EU ટ્રેડમાર્ક્સ, ડિઝાઈન્સ, કોપીરાઈટ અને ટ્રેડ સિક્રેટને મજબૂત કાયદાકીય રક્ષણ મળશે, ડિજિટલ વેપાર માટે એક ખાસ વ્યવસ્થા હશે, જેથી ઓનલાઈન કારોબાર સુરક્ષિત, નિષ્પક્ષ અને ભરોસાથી ભરેલો હશે.

યુરોપના ૪૫ કરોડ લોકોના બજારમાં ભારતીય કંપનીઓની સીધી એન્ટ્રી થશે, ટેક્સ ઓછો થવાના કારણે ભારતની નિકાસ વધશે, જેની સામે યુરોપની કંપનીઓ ભારતમાં રોકાણ વધારશે, FDI વધશે, નિકાસ અને રોકાણના કારણે ભારતમાં રોજગારીની વધુ તકો ઊભી થશે, સપ્લાય ચેઈનમાં સુધારો થતાં ચીન પરની નિર્ભરતા ઘટશે.

વર્ષ ૨૦૨૫માં ભારત અને યુરોપ વચ્ચે કુલ ૧૩૬.૫૩ અબજ ડોલરનો વેપાર થયો. ભારતે ૬૦.૭ અબજ ડોલરનો સામાન આયાત કર્યો જ્યારે ૭૫.૯ અબજ ડોલરના સામાનની નિકાસ કરી. એવામાં ટ્રેડ ડીલમાં ટેરિફમાં ઘટાડો થતાં ઉપભોક્તા અને ઉત્પાદક બંનેને લાભ થશે. ભારત યુરોપથી હાઈ કેટેગરી મશીનરી, ઈલેક્ટ્રોનિક્સ, વિમાન, મેડિકલ ઉપકરણ વગેરે આયાત કરે છે. જ્યારે પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, સ્માર્ટફોન, કાપડ, ફાર્મા પ્રોડક્ટ્સ, જ્વેલરી, લોખંડની નિકાસ કરવામાં આવે છે. એવામાં આ ડીલમાં ૯૦ ટકા સામાન પર ટેરિફ ઓછો અથવા નહિવત થઈ શકે છે. આ સેક્ટરમાં કામ કરતાં ઉદ્યોગો અને બિઝનેસમેનને તેનો મોટો લાભ મળશે.

ભારત-યુરોપની સંયુક્ત પત્રકાર પરિષદમાં PM મોદીએ કહ્યું હતું કે, વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓએ આજે નવો અધ્યાય સ્થાપિત કર્યો. છેલ્લા ઘણાં વર્ષોથી ભારત અને યુરોપ વચ્ચેના સંબંધો મજબૂત થઈ રહ્યા હતા. આજે આ સંબંધોને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ. ભારતે આજે વિશ્વના સૌથી મોટા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ એગ્રીમેન્ટ સમૃદ્ધિની નવી બ્લૂપ્રિન્ટ છે. ભારત અને યુરોપની આ ડીલ ઈન્ટરનેશનલ સિસ્ટમને સ્થિરતા અને મજબૂતાઈ આપશે. આ સિવાય અમે યુક્રેન, પશ્ચિમ એશિયા, ઈન્ડો-પેસિફિક સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી.

### મહાકાલ મંદિરમાં VIP દર્શન મુદ્દે સુપ્રીમ કોર્ટ

# મહાકાલના દરબારમાં બધા સમાન છે, ત્યાં કોઈ VIP હોતું નથી

## VIP અને લાગવગ ધરાવનાર હસ્તીઓ નિયમો તોડીને અંદર જવા દેવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્યપ્રદેશ

મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સ્થિત વિશ્વપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ મહાકાલેશ્વર મંદિરના ગર્ભગૃહમાં સામાન્ય લોકોના પ્રવેશને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે VIP દર્શન અને ગર્ભગૃહમાં પ્રવેશની વ્યવસ્થાને પડકારતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા SCએ સ્પષ્ટ કહ્યું છે કે, 'મહાકાલના દરબારમાં બધા સમાન છે, ત્યાં કોઈ VIP હોતું નથી.'



સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, ગર્ભગૃહમાં કોણ પ્રવેશ કરશે અને કોણ નહીં, તેનો નિર્ણય લેવાનો અધિકાર માત્ર મંદિર પ્રશાસન અને જિલ્લા વહીવટી તંત્ર (કલેક્ટર) પાસે છે. કોર્ટે અરજદારને નિર્દેશ આપ્યો છે કે તેઓ પોતાની માંગણી મંદિર સમિતિ સમક્ષ મૂકે, આ સાથે કોર્ટએ પણ ટાંક્યું કે ધાર્મિક સ્થળોના આંતરિક નિયમો અને વ્યવસ્થામાં કોર્ટ દખલગીરી કરશે નહીં.

અરજદારનો આરોપ હતો કે છેલ્લા અઢી વર્ષથી સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ગર્ભગૃહમાં પ્રવેશ બંધ રાખવામાં આવ્યો છે, પરંતુ VIP અને લાગવગ ધરાવનાર હસ્તીઓ નિયમો તોડીને અંદર જવા દેવામાં આવે છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે આ વ્યવસ્થા બંધારણના સમાનતાના અધિકાર (કલમ ૧૪)નું ઉલ્લંઘન છે. જેનો અરજદાર તરફથી પક્ષ રાખતા વકીલે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, 'ગર્ભગૃહમાં કોને પ્રવેશ આપવો તે અંગે એક સમાન નીતિ હોવી જોઈએ. શું વ્યક્તિ વિશેષને ગર્ભગૃહમાં જવાની મંજૂરી છે? તમે VIP પ્રવેશની મંજૂરી આપી ન શકો અને જો આપો તો બીજાને વંચિત ન રાખી શકો

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ ૨૦૨૫માં મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચે પણ આવી જ એક અરજીને નકારી દીધી હતી, હાઈકોર્ટે પણ તે સમયે કહ્યું હતું કે ઉજ્જૈન જિલ્લા કલેક્ટર અને મંદિર પ્રશાસન જ આ અંગે અંતિમ નિર્ણય લઈ શકે છે. મહાકાલ મંદિરમાં કોરોના મહામારીના સમયથી ગર્ભગૃહમાં સામાન્ય દર્શન બંધ છે. શ્રદ્ધાળુઓ હાલ બહારથી જ બાબા મહાકાલના દર્શન કરી શકે છે. જોકે, અવારનવાર VIP નેતાઓ અને મોટા અધિકારીઓના ગર્ભગૃહ પ્રવેશ દ્રશ્યો સામે આવે છે, જેથી સામાન્ય ભક્તોમાં રોષ જોવા મળે છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે મંદિરની વ્યવસ્થા જાળવવીએ વહીવટી તંત્ર અને મંદિર ટ્રસ્ટનું કામ છે. હવે જોવાનું એ રહેશે કે શું મંદિર પ્રશાસન આગામી સમયમાં નિયમોને વધુ પારદર્શક બનાવી સામાન્ય જનતા માટે ગર્ભગૃહના દ્વાર ખોલશે કે પછી હાલની વ્યવસ્થા જ ચાલુ રાખશે.

# થલાપતિ વિજયની ફિલ્મને મોટો ફટકો: મદ્રાસ હાઈકોર્ટે સેન્સર સર્ટિફિકેટનો આદેશ રદ કર્યો

## મદ્રાસ હાઈકોર્ટે વિજયની ફિલ્મ "જાન નાયકન" ને સેન્સરશીપ સર્ટિફિકેટ આપવાના સિંગલ જજના આદેશને રદ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મદ્રાસ

થલાપતિ વિજયને લઈને માઠા સમાચાર સામે આવ્યા છે. સાઉથ અભિનેતા થલાપતિ વિજયની ફિલ્મ પર સંકટ તોળાયું. થલાપતિની વિજયની આગામી ફિલ્મ "જાન નાયકન" ની રિલીઝ પર લટકતી તલવાર છે.

મદ્રાસ હાઈકોર્ટે વિજયની ફિલ્મ "જાન નાયકન" ને સેન્સરશીપ સર્ટિફિકેટ આપવાના સિંગલ જજના આદેશને રદ કર્યો છે. કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતી વખતે હાઈકોર્ટે મંગળવારે આ ચુકાદો આપ્યો.

મંગળવારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સુનાવણી કરતા હાઈકોર્ટની બે જજોની બેન્ચે આ મહત્વનો નિર્ણય સંભળાવ્યો હતો. અગાઉ હાઈકોર્ટના સિંગલ જજે ફિલ્મને સમીક્ષા સમિતિ પાસે મોકલવાના સેન્સર બોર્ડના નિર્ણયને નકારી કાઢ્યો હતો અને બોર્ડને તાત્કાલિક સેન્સર સર્ટિફિકેટ આપવા નિર્દેશ કર્યો હતો.

સેન્સર બોર્ડે આ નિર્ણયને પડકારતા દલીલ કરી હતી કે ફિલ્મ સામે મળેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને તેની ગંભીર સમીક્ષા જરૂરી છે. હાઈકોર્ટે બોર્ડની દલીલ ગ્રાહ્ય રાખીને સિંગલ જજના આદેશ પર મનાઈહુકમ આપ્યો છે.

'જન નાયકન' ફિલ્મ અસલમાં ૯ જાન્યુઆરી ના રોજ પોંગલના અવસરે રિલીઝ થવાની હતી. પરંતુ, રિલીઝના થોડા દિવસો પહેલા જ સેન્સર બોર્ડે ફિલ્મને 'રિવ્યુ કમિટી' પાસે મોકલવાનો નિર્ણય કર્યો હતો. બોર્ડ મુજબ, ફિલ્મની વિષયવસ્તુ સામે કેટલીક ફરિયાદો મળી હતી, જેના કારણે પ્રમાણપત્ર આપવામાં વિલંબ થયો હતો. ફિલ્મ નિર્માતા દ્વકફદ્વ પ્રોડક્શન્સે આ મામલે સુપ્રીમ કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા. પરંતુ ૧૫ જાન્યુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે પણ કોઈ તાત્કાલિક રાહત આપવાનો ઈંકાર કર્યો હતો અને નિર્માતાઓને ફરીથી મદ્રાસ હાઈકોર્ટમાં જ નિર્દેશ આપ્યા હતા.






# શ્રીનગર એરપોર્ટ પર હિમવર્ષાનો કહેર, તમામ ફ્લાઈટ રદ કરાઈ: રનવે પર જામ્યા બરફના થર

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે પર નબળી દૃશ્યતા અને બરફ જમા થવાને કારણે, અધિકારીઓએ આજની બધી ફ્લાઈટ્સ રદ કરવાનો નિર્ણય લીધો છે

મંગળવારે ૨૭ જાન્યુઆરી કાશ્મીર ખીણમાં ભારે અને સતત હિમવર્ષાથી હવાઈ ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. શ્રીનગર આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે પર નબળી દૃશ્યતા અને બરફ જમા થવાને કારણે, અધિકારીઓએ આજની બધી ફ્લાઈટ્સ રદ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ખીણની મુલાકાત લેતા સેંકડો પ્રવાસીઓ ફસાયેલા છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) ના અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે, રનવે હાલમાં સલામત વિમાન સંચાલન માટે અયોગ્ય છે.

સલામતીના ધોરણોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા, વહીવટીતંત્રે કુલ ૫૮ ફ્લાઈટ્સ રદ કરી છે, જેમાં શ્રીનગર આવનારી ૨૯ ફ્લાઈટ્સ અને શ્રીનગરથી રવાના થતી ૨૯ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "રનવે પર સતત બરફ જામી રહ્યો છે, જેના કારણે વિમાન લપસી પડવાનું જોખમ છે. હવામાન સુધરતા અને રનવેને સલામત જાહેર થતાં જ ફ્લાઈટ કામગીરી ફરી શરૂ થશે." હાલમાં, રનવે પરથી બરફ સાફ કરવા માટે એરપોર્ટ મશીનરી અને ગ્રાઉન્ડ સ્ટાફને તૈનાત કરવામાં આવ્યા છે. ફ્લાઈટ્સ રદ કરવાથી સપ્તાહના અંતે અને પ્રજાસત્તાક દિવસની રજા ગાળવા કાશ્મીર આવેલા પ્રવાસીઓને મોટો ફટકો પડ્યો છે. ઘરે પાછા ફરવાની યોજના બનાવી રહેલા સેંકડો પ્રવાસીઓ હવે શ્રીનગર અને આસપાસના વિસ્તારોમાં ફસાયેલા છે. ઘણા પ્રવાસીઓએ સોશિયલ મીડિયા પર પોતાની ચિંતાઓ શેર કરી છે, ફ્લાઈટ રિશેડ્યુલમાં વિલંબ અંગે ફરિયાદ કરી છે. અધિકારીઓએ મુસાફરોને સલાહ આપી છે કે તેઓ એરપોર્ટ જતા પહેલા તેમની સંબંધિત એરલાઈન્સનો સંપર્ક કરે અને નવીનતમ ફ્લાઈટ સ્ટેટસ મેળવે. એરલાઈન્સને મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા અથવા રિફંડ આપવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

હવામાન કેન્દ્રે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક સુધી ખીણના ઊંચાઈવાળા અને મેદાની વિસ્તારોમાં હિમવર્ષા ચાલુ રહેશે. પરિણામે, બુધવારે પણ હવાઈ અને માર્ગ ટ્રાફિક ખોરવાઈ રહેવાની ધારણા છે.

વહીવટીતંત્રે સ્થાનિકો અને પ્રવાસીઓને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

## તંત્રી લેખ......

# ભારતીય ચૂંટણી પ્રણાલીએ એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે

પશ્ચિમી દેશોની નજરમાં, લોકશાહી એ છે જે ૧૨૧૫ એડીમાં ઈંગ્લેન્ડમાં હસ્તાક્ષરિત મેગ્ના કાર્ટાની સંધિમાંથી ઉભરી આવી છે. પશ્ચિમી દેશોમાં આ લોકશાહીમાં શ્રેષ્ઠતાની ચોક્કસ ભાવના છે. આવા દેશોમાં ચૂંટણી એજન્સીઓનું સંગઠન, ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેટિક એન્ડ ઈલેક્ટોરલ આસિસ્ટન્સ નું ભારતનું અધ્યક્ષપદ કોઈ નાની સિદ્ધિ નથી. તાજેતરમાં, ચૂંટણી પંચની અધ્યક્ષતામાં દિલ્હીમાં આ સંગઠનનું એક પરિષદ યોજાયું હતું. આ દ્વારા, પંચે પશ્ચિમી દેશોને ભારતીય લોકશાહી મૂલ્યોનો પરિચય કરાવવાનો પ્રયાસ કર્યો. ૧૯૯૫ માં ૧૪ દેશો દ્વારા સ્થાપિત, આ સંગઠનમાં હાલમાં ૩૭ સભ્ય દેશો છે.

યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન તેના કાયમી નિરીક્ષકો છે. હાલમાં, વિશ્વની વસ્તી આશરે આઠ અબજ છે. આ સંદર્ભમાં, આ સંગઠન આશરે ૨.૨ અબજ નોંધાયેલા મતદારોનું પ્રતિનિધિત્વ કરે છે. એકલા ભારતનો હિસ્સો ૯૯૧ મિલિયનથી વધુ છે. તે મુજબ, ભારત વિશ્વનું સૌથી મોટું લોકશાહી છે. એવા સમયે જ્યારે ભારતીય ચૂંટણી પ્રણાલી અને મશીનરી ઘરેલું મોરચે પ્રશ્નાર્થ હેઠળ છે, ત્યારે ચૂંટણી પંચે આ સંસ્થાનો હવાલો સંભાળવાનો અર્થ એ છે કે કમિશનની વૈશ્વિક સ્વીકૃતિ વધી રહી છે. આ સંદર્ભમાં, સંગઠનનું પ્રમુખપદ માત્ર ભારત માટે ઔપચારિક જવાબદારી નથી, પરંતુ વૈચારિક નેતૃત્વ માટે એક તક પણ છે. આજે, ભારતમાં ચૂંટણીમાં મતદારોની ભાગીદારી સતત વધી રહી છે. આ એક રીતે ચૂંટણી પ્રણાલીની સફળતાને પ્રતિબિંબિત કરે છે. ચૂંટણી વ્યવસ્થાપનમાં વધતી જતી નવીનતા, ડિજિટલ ચૂંટણી વ્યવસ્થાપન પર ભાર, અને અપંગ અને દૂરના વિસ્તારોમાં મતદારો સુધી પહોંચમાં વધારો - આ બધું ચૂંટણી પંચના પ્રયાસોથી શક્ય બન્યું છે. ચૂંટણી પંચે ચૂંટણી સાક્ષરતા વધારવા માટે અસંખ્ય પ્રયોગો કર્યા છે. વિરોધની ચિંતાઓ છતાં, ચૂંટણીમાં મતદારોની વધતી ભાગીદારી દર્શાવે છે કે ચૂંટણી પંચમાં જાહેર વિશ્વાસ ઓછો થયો નથી. દેશમાં ચૂંટણી પ્રથાની સતત અખંડિતતા ભારતની પરંપરાગત લોકશાહી માનસિકતાને કારણે છે. દક્ષિણ ભારતમાં ૧૦મી સદીના ચોલ શાસકો દ્વારા વિકસાવવામાં આવેલી ગ્રામીણ શાસન પ્રણાલીને આધુનિક રાજકીય વૈજ્ઞાનિકો પણ શ્રેષ્ઠ માને છે. મેગ્ના કાર્ટા પહેલાં, કર્ણાટકમાં લિંગાયત સંપ્રદાયના સ્થાપક સંત બસવેશ્વર દ્વારા સ્થાપિત અનુભવ મંડપમ એક એવી જગ્યા હતી જ્યાં જીવનના તમામ ક્ષેત્રોના લોકો ધાર્મિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓ પર ખુલ્લેઆમ ચર્ચા કરતા હતા. રાજકીય વૈજ્ઞાનિકો આને આધુનિક સંસદનું પ્રારંભિક સ્વરૂપ માને છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨૭૬૩ અને ચાંદીના વાયદામાં રૂ.૨૭૮૨૭નો વધુ ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૪૪ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૧૭૩૩.૬૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૪૦૧૮૭.૭૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૦૩૯૩.૭૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૫૪૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૩૧૯૪૨.૪૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૧૭૩૩.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૪૦૧૮૭.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૫૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૫૪૭.૬૩ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૦૩૯૩.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૬૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૮૨૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૫૭૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૦૩૭ના આગલા બંધ સામે રૂ.૨૭૬૩ના ઉછાળા સાથે રૂ.૧૫૮૮૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૭૪૧ વધી રૂ.૧૩૫૯૩૫ થયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૦ વધી રૂ.૧૬૯૯૬ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૮૧ની તેજી સાથે રૂ.૧૫૯૧૫૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૪૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૭૪૯૯ અને નીચામાં રૂ.૧૬૪૪૫૩ના મથાળે અથડાઈ, રૂ.૧૬૩૧૩૭ના આગલા બંધ સામે રૂ.૩૩૩૪ વધી રૂ.૧૬૬૪૭૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૩૯૮૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૬૪૮૨૧ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૩૩૯૮૨૪ના મથાળે અથડાઈ, રૂ.૩૩૪૬૯૯ના આગલા બંધ સામે રૂ.૨૭૮૨૭ના જંગી ઉછાળા સાથે રૂ.૩૬૨૫૨૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭૨૬૧ની તેજી સાથે રૂ.૩૬૬૫૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭૩૦૫ ઊછળી રૂ.૩૬૬૬૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૫૭૮.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૩.૪૫ વધી રૂ.૧૩૧૯.૯૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૬.૫ વધી રૂ.૩૨૨.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૩૧૯.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૨૫ પૈસા ઘટી રૂ.૧૯૧.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૨૬૬.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૯૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૭૩ અને નીચામાં રૂ.૩૮૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૫ ઘટી રૂ.૩૯૫૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૫૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૨૩ અને નીચામાં રૂ.૫૪૭૫ના મથાળે અથડાઈ, રૂ.૫૬૩૦ના આગલા બંધ સામે રૂ.૪૪ ઘટી રૂ.૫૫૮૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૩૭ ઘટી રૂ.૫૫૯૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૮.૬ વધી રૂ.૩૪૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૮.૨ વધી રૂ.૩૪૭.૨ થયો હતો.


કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૯.૮ના ભાવે ખૂલી, રૂ.૧.૨ વધી રૂ.૧૦૨૬.૫ થયો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦ના ભાવે ખૂલી, રૂ.૨૧ વધી રૂ.૨૬૬૦ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૮૪૯૧.૧૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૧૯૦૨.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૫૦૨.૭૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૯.૫૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮.૬૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૬૭૯.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૭૯.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૭૧.૪૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૨.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૩ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૩૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૧૦૧૯૭૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૪૦૪૮૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૫૮૮૪૨૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૬૦૧૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૨૧૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૪૦૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૯૫૩૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૦૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૫૫૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૮૭૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૪૪૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૫૪૦૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૪૫૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૯૯ પોઈન્ટ વધી ૪૫૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૨.૩ ઘટી રૂ.૨૩૪.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૫૫ વધી રૂ.૪૦.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૬૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૦ ઘટી રૂ.૧૧૩ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૫૪૯.૫ વધી રૂ.૩૦૮૫૯.૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૩ વધી રૂ.૩૫.૯૬ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪ વધી રૂ.૧૦.૮૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૩ વધી રૂ.૨૦૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૧ ઘટી રૂ.૧૩.૭ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૯૫ ઘટી રૂ.૧૧૬.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯.૫ વધી રૂ.૨૦ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૭.૭૫ થયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૮૩ વધી રૂ.૫.૮ના ભાવે બોલાયો હતો.




# પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જેકોબ માર્ટિન ડ્રિંક એન્ડ ડ્રાઈવમાં થયા જેલભેગા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના અકોટા વિસ્તારમાં ૨૬મી જાન્યુઆરીની રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભારતીય ટીમના પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જેકોબ માર્ટિને દારૂના નશામાં પોતાની લક્ઝરી કાર બેફામ હંકારી ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ની મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સોમવારે મોડી રાત્રે આશરે ૨.૩૦ વાગ્યાના સુમારે જેકોબ માર્ટિન પોતાની એમ.જી. હેક્ટર કાર કિંમત રૂ. ૨૦ લાખ લઈને પુનિત નગર સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યા હતા. નશો એટલો તીવ્ર હતો કે તેમણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને રસ્તાની સાઈડમાં પાર્ક કરેલી કિયા સેલ્ટોસ, હ્યુન્ડાઈ વેન્યુ અને મારૂતી સેલેરીઓ એમ ત્રણ કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતનો અવાજ સાંભળી સ્થાનિકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ ૧૧૨ જન રક્ષક અને અકોટા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, જ્યારે જેકોબ માર્ટિનને કારમાંથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે તેઓ લથડિયાં ખાઈ રહ્યા હતા અને તેમની આંખો લાલચોળ હતી. પ્રાથમિક તપાસમાં જ તેઓ દારૂના નશામાં હોવાનું સ્પષ્ટ જણાતું હતું.અકોટા પોલીસે આ મામલે ગંભીરતા દાખવીને ડ્રિંક એન્ડ ડ્રાઈવ તેમજ અકસ્માત અંગે બે અલગ-અલગ ગુના નોંધ્યા છે. BNS કલમઃ ૨૮૧, ૩૨૪(૫) મોટર વાહન અધિનિયમઃ ૧૭૭, ૧૮૪, ૧૮૫, પ્રોહિબિશન એક્ટઃ ૬૬(૧)બી, પોલીસે તેમની ૨૦ લાખની કાર કબ્જે કરી છે. એક સમયે મેદાન પર ચોગ્ગા-છગ્ગા ફટકારનાર ખેલાડી આજે કાયદાના શરણે છે, જે રમત જગત માટે શરમજનક ઘટના માનવામાં આવી રહી છે.

# અમદાવાદ મંડળ પર ૭૭મો ગણતંત્ર દિવસ ઉત્સાહપૂર્વક મનાવવમાં આવ્યો



પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ૭૭મો ગણતંત્ર દિવસ ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે અમદાવાદ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ, સાબરમતી ખાતે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો તેમજ રેલવે સુરક્ષા દળ, ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ તથા સિવિલ ડિફેન્સ યુનિટોની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કરી માર્ચ-પાસ્ટની સલામી લીધી. આ અવસરે મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે તમામ રેલ કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને ગણતંત્ર દિવસની શુભેચ્છાઓ પાઠવી અને પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાના સંદેશનું વાંચન કર્યું.

આ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે પશ્ચિમ રેલવેની પ્રમુખ ઉપલબ્ધિઓ અંગે જાણકારી આપતાં જણાવ્યું કે રેલ અને માર્ગ વપરાશકર્તાઓની સુરક્ષા વધારવાના દિશામાં આ નાણાકીય વર્ષ માં ૮૫ રોડ ઓવર બ્રિજ/રોડ અન્ડર બ્રિજ તેમજ ૧૪ ફૂટ ઓવર બ્રિજ (એફઓબી) શરૂ કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે અત્યાધુનિક કવચ (KAVACH) સ્વચાલિત ટ્રેન સુરક્ષા પ્રણાલીનું અમલીકરણ કરવામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. તાજેતરમાં પશ્ચિમ રેલવેનું પ્રથમ કવચ સિસ્ટમ વડોદરા–અમદાવાદ ખંડના ૯૬ રૂટ કિલોમીટરમાં ૧૭ સ્ટેશનોને કવર કરતાં સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ૧૩.૭ કિલોમીટર અમદાવાદ મંડળનો પણ સમાવેશ થાય છે. તેમજ અત્યાર સુધીમાં ૩૬૪ ઈલેક્ટ્રિક લોકોમોટિવમાં ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે.ચાલુ નાણાકીય વર્ષમાં અનેક મહત્વાકાંક્ષી યોજનાઓને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. હિમ્મતનગર–ખેડબ્રહ્મા,વિજાપુર–આંબલિયાસણ તથા આદરજ મોટી–વિજાપુર રેલ ખંડોમાં ગેજ પરિવર્તનનું કાર્ય પણ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું છે. ૭૭મા ગણતંત્ર દિવસના અવસરે અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજૂ મીણા તથા પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, અમદાવાદ મંડળના સભ્યો દ્વારા વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા ૩૯ બાળકોને પુરસ્કૃત કરવામાં આવ્યા તેમજ ગંભીર બીમારીઓથી પીડિત બે રેલ કર્મચારીઓના પરિવારજનોને રૂ. ૨૦,૦૦૦–રૂ. ૨૦,૦૦૦ની આર્થિક સહાયતા આપવામાં આવી. આ અવસરે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિ ગીતો તથા નૃત્યો દ્વારા સૌને રાષ્ટ્રીય એકતાની ભાવનાથી ઓતપ્રોત કરી દેવામાં આવ્યા.મંડળ રેલ પ્રબંધક દ્વારા વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર ૬૨ રેલ કર્મચારીઓને પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ ચાર વિભાગોના ગ્રુપને સામૂહિક પુરસ્કાર પણ આપવામાં આવ્યા. આ સાથે જ 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં આયોજિત સ્પર્ધાઓના ૧૫ વિજેતાઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા. આ સમારોહમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજૂ મીણા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી વિકાસ ગઢવાલ, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન અમદાવાદ મંડળની ટીમ, તમામ વિભાગોના શાખા અધિકારીઓ, રેલ અધિકારીઓ, કર્મચારીઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

### સીઆરપીએફની સહાયક કમાન્ડન્ટ સિમરન બાલાએ સીઆરપીએફની પુરુષોની કન્ટીજન્ટનું નેતૃત્વ કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું

# "સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ"ના વિષયને અનુલક્ષીને ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ સાથેના ગુજરાતના ટેબ્લોએ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં કર્તવ્ય પથ પર આકર્ષણ જમાવ્યું

પ્રત્યેક ભારતીયોમાં સ્વદેશી, સ્વાશ્રયીતા અને સ્વતંત્રતાની અહાલેક જગાવતો મંત્ર એટલે- "વંદે માતરમ" ! 'વંદે માતરમ' ગીતની ૧૫૦-મી વર્ષગાંઠના ઉપલક્ષમાં આ વિષયના પ્રતિઘોષરૂપે 'વંદે માતરમ' શબ્દની પૃષ્ઠભૂમિથી જ શરુ થયેલી ભારતીય રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખની રોચક પ્રસ્તુતિ ૭૭-મા પ્રજાસત્તાક પર્વમાં ગુજરાતના ટેબ્લોનું મુખ્ય આકર્ષણ બની રહ્યો હતો.

આ સાથે ગુજરાતના નવસારીમાં જન્મેલા તથા ગુર્જરભૂમિના તેમના નામાંકિત ક્રાંતિવીર સાથીઓ : શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણાની સાથે વિદેશની ભૂમિ પરથી ક્રાંતિજ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ તૈયાર કરેલા 'વંદે માતરમ' લિખિત ધ્વજની યશોગાથાનું વર્ણન, 'ચરખા'ના માધ્યમથી સ્વદેશીનો મંત્ર આપનારા મહાત્મા ગાંધીની સ્મૃતિ સાથે પ્રવર્તમાન 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો સુભગ સમન્વય આ ટેબ્લોની અનોખી ભાત ઉભી કરી હતી.

આ ટેબ્લોના અગ્રભાગમાં વીરાંગના મેડમ ભિખાઈજી કામાને સ્વરચિત 'વંદે માતરમ' લિખિત ધ્વજ સાથે દર્શાવવામાં આવ્યા હતા. જે તેમણે સૌ પ્રથમ વખત વિદેશીભૂમિ પર વર્ષ ૧૯૦૭માં પેરિસમાં લહેરાવ્યો હતો. આ ધ્વજ જર્મનીના બર્લિનના સ્ટુટગાર્ટની 'ઈન્ડિયન સોશિયાલિસ્ટ કોન્ફરન્સ'મા પણ રજુ કરવામાં આવ્યો હતો.



મેડમ કામાની આ ધ્વજ લહેરાવતી અર્ધ-પ્રતિમાની નીચે દેશના બંધારણમાં સ્વીકૃત વિવિધ ભારતીય ભાષામાં 'વંદે માતરમ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ટેબ્લોના હૃદયસમા પૃષ્ઠભાગમાં રાષ્ટ્રધ્વજની નિર્માણયાત્રા, તેની બદલાતી તાસીર અને તવારિખને વર્ણવવામાં આવી હતી : જેનો પ્રારંભ વર્ષ ૧૯૦૬થી થાય છે. કોલકાતાના પારસી બાગાનમાં વિદેશી ચીજવસ્તુઓની હોળી અને સ્વદેશીનો સ્વીકાર કરતી વખતે ક્રાંતિકારીઓએ 'વંદે માતરમ' લખેલો ધ્વજ સૌ પ્રથમ વખત ફરકાવ્યો હતો. ત્યારબાદના ક્રમે, ૧૯૦૭મા વિદેશીભૂમિ પરથી ભારતીય ક્રાંતિની જ્યોત જગાવનારા મેડમ ભિખાઈજી કામાએ

તેમણે તૈયાર કરેલો ધ્વજ પેરિસમાં લહેરાવ્યો હતો. વર્ષ ૧૯૧૭મા હોમરુલ ચળવળના ભાગરૂપે એની બેસન્ટ અને બાળગંગાધર તિલક દ્વારા એક નવતર ધ્વજ ફરકાવવામાં આવ્યો, જયારે વર્ષ ૧૯૨૧મા વિજયવાડામાં યુવા ક્રાંતિવીર પીંગળી વેંકૈયાએ એક નવી ડિઝાઈનનો ધ્વજ બનાવ્યો અને ગાંધીજી સમક્ષ રજુ કર્યો. ૧૯૩૧મા પીંગળીએ તૈયાર કરેલા ચરખા અને ત્રણ રંગો સાથે કેટલાક સુધારા સાથેનો ધ્વજ લગભગ સ્વીકૃતિ પામ્યો. જો કે આખરે ૨૨ જુલાઈ, ૧૯૪૭ના રોજ મધ્યમાં ધર્મચક્ર સાથેના ત્રિરંગાને ભારતીય બંધારણ સભાએ સ્વીકૃતિ આપી. પ્રવર્તમાન રાષ્ટ્રધ્વજની આ નિર્માણયાત્રા સાથે ભારતીય સ્વતંત્રતાની મહત્વની ચળવળોનું પણ આ ટેબ્લોમાં નિદર્શન કરવામાં આવ્યું.

'ચરખા'ના માધ્યમથી સ્વદેશીના પ્રયોગ મારફતે સ્વતંત્રતાની હાકલ કરનારા મહાત્મા ગાંધીના શિલ્પને ટેબ્લોના અંતિમ ચરણમાં વિશાળ ધર્મચક્ર સાથે દર્શાવવામાં આવ્યું છે. સ્વદેશી-આત્મનિર્ભરતા અને સ્વતંત્રતાના આ સશક્ત મૂલ્યોનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હાલ સતત સંવર્ધિત કરવાનું સ્તુત્ય કાર્ય કરી રહયા છે.

સ્વાધીનતાની લડાઈ માટે ખપી જનારા વીર સપૂતોને યાદ કરીને રાષ્ટ્રીય ચેતના જગાવતા 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ પામેલા ગુજરાતી રચનાકાર ઝવેરચંદ મેઘાણી રચિત 'કસુંબીનો રંગ'ના તાલે જુસ્સો વધારતા કલાકારો ટેબ્લોને જોમવંતો બનાવી રહ્યા હતા.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ ડૉ.વિક્રાંત પાંડે, માહિતી કમિશ્નરશ્રી કિશોર બચાણી, અધિક નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ.સંજય કચોટ અને નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવા યોગદાન આપ્યું હતું. આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૧૩ ઝાંખીઓ મળીને કુલ ૩૦ ટેબ્લોનું પ્રદર્શન થયું હતું.

# ઈ-કોમર્સ કંપની એમેઝોન કથિત રીતે છટણીના બીજા તબક્કાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈ-કોમર્સ કંપની એમેઝોન કથિત રીતે છટણીના બીજા તબક્કાની તૈયારી કરી રહ્યું છે. જે અંતર્ગત ૨૭ જાન્યુઆરીથી અંદાજે ૧૬,૦૦૦ કર્મચારી નોકરી ગુમાવે તેવી શક્યતા છે. અહેવાલો અનુસાર, આ છટણીની સીધી અસર ભારતીયો પર પણ પડશે, જેમાં એમેઝોન વેબ સર્વિસીસ અને પ્રાઈમ વીડિયો જેવા મહત્ત્વના વિભાગોનો સમાવેશ થાય છે.

એમેઝોન આ અઠવાડિયે વર્ક ફોર્સમાં મોટો ઘટાડો કરવા તરફ આગળ વધવાનું શરૂ કર્યું છે. કંપનીની યોજના મુજબ ૨૭ જાન્યુઆરીએ નવા રાઉન્ડની શરૂઆત થઈ શકે છે, જે વૈશ્વિક સ્તરે આશરે ૧૬,૦૦૦ કર્મચારીને અસર કરશે. આ પગલું કંપનીના વ્યાપક પુનર્ગઠન અભિયાનનો ભાગ હોવાનું કહેવાય છે, જે હેઠળ ૨૦૨૬ના મધ્ય સુધીમાં લગભગ ૩૦,૦૦૦ કોર્પોરેટ હોદ્દા નાબૂદ થઈ શકે છે. નોંધનીય છે કે આ વખતે ભારત સ્થિત ટીમો પર પહેલા કરતા વધુ ગંભીર અસર થવાની સંભાવના છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કર્મચારીઓની ચર્ચાઓ અને વિવિધ મીડિયા અહેવાલો મુજબ, આગામી દિવસોમાં એમેઝોન સત્તાવાર જાહેરાત કરી શકે છે. આ છટણીમાં સૌથી વધુ અસર ભારતીયોને થશે એવું પણ મનાય છે. ખાસ કરીને એમેઝોન વેબ સર્વિસીસ અને પ્રાઈમ વીડિયો વિભાગમાં કામ કરતા કર્મચારીઓ પર જોખમ વધારે છે.

વર્ષ ૨૦૨૫ના અંતમાં રોઈટર્સે એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો કે, એમેઝોન તેના વ્યાપક પુનર્ગઠન પ્રયાસોના ભાગરૂપે આશરે ૩૦,૦૦૦ કોર્પોરેટ હોદ્દા હટાવી દેવાનું આયોજન કરી રહી છે.

આ અહેવાલ પછી જ કંપનીએ ૧૪,૦૦૦ હોદ્દા ઘટાડવાની યોજનાની પુષ્ટિ કરી હતી. એમેઝોનનું આ છટણી અભિયાન ૨૦૨૫ના અંતમાં શરૂ થયું હતું. હવે કંપની બીજા તબક્કાનો અમલ કરવા જઈ રહી હોય તેવું લાગે છે, જેમાં વધુ ૧૬,૦૦૦ હોદ્દા સામેલ છે. આમ, કુલ છટણીનો આંકડો ૩૦,૦૦૦ ની નજીક પહોંચી જશે.

જો આમ થશે, તો તે ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન એમેઝોન દ્વારા કરાયેલી ૨૭,૦૦૦ કર્મચારીઓની છટણી કરતા પણ મોટો આંકડો હશે. જો કે એમેઝોન વિશ્વભરમાં અંદાજે ૧૫.૭ લાખ લોકોને રોજગારી આપે છે, પરંતુ આ છટણીનું મુખ્ય કેન્દ્ર તેનો કોર્પોરેટ વર્ક ફોર્સ છે, જેની સંખ્યા આશરે ૩.૫ લાખ છે.

આ છટણીમાં એમેઝોન વેબ સર્વિસીસ, પ્રાઈમ વીડિયો, રિટેલ ઓપરેશન્સ અને HR વિભાગ (PXT) મુખ્ય લક્ષ્ય છે. ભારતમાં ખાસ કરીને બેંગલુરુ, હૈદરાબાદ અને ચેન્નાઈ જેવા શહેરોમાં સ્થિત કોર્પોરેટ ટીમો પર વધુ જોખમ છે.


ગરવી ગુજરાત




- એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# વસંતોત્સવ-૨૦૨૬માં હેન્ડીક્રાફ્ટ અને ફુડ સ્ટોલ બજારમાં સ્ટોલ માટે તા. ૩૧ જાન્યુઆરી સુધી અરજી કરી શકાશે

દર વર્ષની જેમ આ વર્ષે પણ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે ફેબ્રુઆરી માસમાં વસંતોત્સવ -૨૦૨૬નું આયોજન કરવામાં આવી રહ્યું છે. વસંતોત્સવ -૨૦૨૬માં સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ક્રાફ્ટ અને ફુડ બજાર માટે વિવિધ હેન્ડીક્રાફ્ટ અને ફુડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હેન્ડી ક્રાફ્ટ અને ફુડ સ્ટોલ બજારમાં સ્ટોલ માટે અરજીઓ મંગાવવામાં આવી રહી છે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, હેન્ડીક્રાફ્ટ અને ફુડ સ્ટોલમાં ભાગ લેવા ઈચ્છુક નાગરિકો એ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. નાગરીકોએ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બ્લોક નં. ૧૧/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી અરજીનો નમૂનો મળી રહેશે. જેમાં વિગતો ભરી કચેરી ખાતે તા. ૩૧ જાન્યુઆરી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં અરજી મોકલવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટોલ ફાળવણી અંગેનો આખરી નિર્ણય કમિશનરશ્રીને હસ્તક રહેશે.

- હરેશ્વરી રાબા

# વરનામા અને મકરપુરા વચ્ચે બ્લોકના કારણે કેટલીક ટ્રેનોને રેગુલેટ કરવામાં આવશે

સુરત-વડોદરા વિભાગમાં વરનામા-મકરપુરા ની વચ્ચે બ્રિજ નંબર ૫૭૦ના હાલના સ્ટીલ ગર્ડર્સને **PSC** સ્લેબથી બદલવા હેતુ અપ લાઈન પર ૨૮ જાન્યુઆરી અને ડાઉન લાઈન પર ૨૯ જાન્યુઆરીએ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, ૨૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૨૮ જાન્યુઆરીએ રેગુલેટ થનારી ટ્રેનોઃ-

૧. ટ્રેન નંબર ૧૯૦૨૦ હરિદ્વાર – બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧ કલાક ૧૦ મિનિટ રેગુલેટ થશે.

૨. ટ્રેન નંબર ૧૯૦૧૨ દાહોદ –વલસાડ એક્સપ્રેસ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧ કલાક ૧૦ મિનિટ રેગુલેટ થશે.

૩. ટ્રેન નંબર ૫૯૦૫૦ વડોદરા – વલસાડ પેસેન્જર ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૪૦ મિનિટ રેગુલેટ થશે.

૨૯ જાન્યુઆરીએ રેગુલેટ થનારી ટ્રેનોઃ-

૧. ટ્રેન નંબર ૧૨૬૫૬ પુરૈચી થલાઈવર– અમદાવાદ સુપરફાસ્ટ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ૧ કલાક ૧૦ મિનિટ રેગુલેટ થશે.

૨. ટ્રેન નંબર ૦૯૭૨૪ બાંદ્રા ટર્મિનસ – જયપુર સ્પેશિયલ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧ કલાક રેગુલેટ થશે.

૩. ટ્રેન નંબર ૧૨૪૭૧ બાંદ્રા ટર્મિનસ - શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૩૦ મિનિટ રેગુલેટ થશે.

રેલ યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન શકે છે.

# ભાજપની રાજકીય લેબોરેટરી એવા ગુજરાતમાં એસઆઈઆર પ્રક્રિયામાં ભાજપના કાવાદાવા સફળ રહ્યા તો દેશભરમાં તેનો અમલ કરાશેઃ ભરતસિંહ સોલંકી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત એ ભારતીય જનતા પાર્ટીની રાજકીય પરીક્ષણ કરવા માટેની લેબોરેટરી છે, આ રાજકીય લેબોરેટરીમાં ભાજપ હાલમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ફોર્મ નં.૭ વડે ચોકકસ વર્ગના મતદારોના નામ દુર કરવાનો પ્રયોગ કરી રહ્યુ છે. જો આ રાજકીય પરીક્ષણ ગુજરાતમાં સફળ રહ્યુ તો દેશના વિભિન્ન રાજયોમાં પણ તેનો અમલ કરવામાં આવશે તેવો આરોપ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ લગાવ્યો છે.

ગુજરાત રાજયમાં કોંગ્રેસે એસઆઈઆર પ્રક્રિયા અંગે ભાજપ પર ગંભીર આરોપો લગાવ્યા છે. ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ મતદાર યાદીમાંથી મતદારોના નામ રદ કરાવવા અંગે ભાજપ પર ફોર્મ નં.૭ ના દુરુપયોગને આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ચોકકસ વર્ગના મતદારોના નામ મતદાર યાદીમાંથી દુર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

ભરતસિંહ સોલંકીએ ગુજરાતના વિવિધ મતવિસ્તારોમાં મતદાર યાદીમાંથી મતદારોના નામ રદ કરવા અંગે ચુંટણી પંચ પાસે ફોર્મ નં.૭ સંબંધીત રેકોર્ડ જાહેર કરવાની માંગ કરી છે. દેશના વિભિન્ન રાજયોની સાથો સાથ ગુજરાત રાજયમાં પણ કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર) અંગે કરાયેલ કામગીરી બાબતે કોંગ્રેસે ભાજપ અને ચુંટણીપંચ તેમજ ચુંટણી અધિકારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા છે.

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે મતદાર યાદીમાંથી મતદાનનુ નામ રદ કરવા અંગેના ફોર્મ નં. ૭ નો વ્યાપક દુરુપયોગ થઈ રહ્યો છે. ફોર્મ નં. ૭ હેઠળ નિશ્ચિત વર્ગના લોકો ના જ નામ મતદાર યાદીમાંથી હટાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભરતસિંહ સોલંકીએ ચુંટણીપંચ પાસે આવેલા ફોર્મ નં. ૭ કોણે અને કયારે આપ્યા હતા તે રેકોર્ડ જાહેર કરવા જોઈએ.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર મંડલ રેલ પ્રબંધકે કર્યું અચાનક નિરીક્ષણ, સ્વચ્છતા પર વિશેષ ભાર



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝન "સ્વચ્છતા હી સેવા" દેશને સ્વચ્છ, સ્વસ્થ અને જાગૃત બનાવવાના સંકલ્પને સાકાર કરતાં અમદાવાદ મંડલના મંડળ રેલ પ્રબંધક **(DRM)** શ્રી વેદ પ્રકાશે ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાબરમતી સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો, ગણતંત્ર દિવસ સમરોહ ઉપરાંત અમદાવાદ રેલવે સ્ટેશનનું અચાનક નિરીક્ષણ કર્યું. તેમણે ૪થી ૫ કલાક સુધી સ્ટેશન પરિસરની સફાઈ વ્યવસ્થાનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કર્યું અને મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત તથા સુવિધાજનક વાતાવરણ ઉપલબ્ધ કરાવવા ના ઉદેશ્યથી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આપી.

મંડળ રેલ પ્રબંધકે પ્લેટફોર્મ, સર્ક્યુલેટિંગ એરિયા, પ્રતીક્ષાલય, શૌચાલય, ફૂટઓવર બ્રિજ તેમજ અન્ય સ્થળોની સફાઈ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. આ અવસરે તેમણે તમામ ક્લીનિંગ સ્ટાફ અને સુપરવાઈઝરો સાથે બેઠક યોજી અને સ્વચ્છતા સંબંધિત વિવિધ પાસાઓ અંગે જેમ કે સફાઈ કરવાની પદ્ધતિ, કઈ મશીનનો કયા રીતે અને કયા સ્થળે ઉપયોગ કરવો વગેરે વિષય પર વિગતવાર ચર્ચા કરી.તેમણે કચરા નિસ્તારણ, મેકેનાઈઝ્ડ ક્લીનિંગ, નિયમિત મોનીટરીંગ તથા સ્વચ્છતા ધોરણોના પાલન પર વિશેષ ભાર મૂકતાં સૂચના આપી કે સફાઈ કાર્યમાં કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવામાં આવે અને નિર્ધારિત ધોરણો અનુસાર કાર્ય સુનિશ્ચિત કરવામાં આવે. આ પછી મંડળ રેલ પ્રબંધકે પાર્સલ કચેરીનું પણ નિરીક્ષણ કર્યું. ત્યાં કાર્યરત સ્ટાફ પાસેથી પાર્સલ હેન્ડલિંગ, બુકિંગ, લોડિંગ-અનલોડિંગ તેમજ રેકોર્ડ સંધારણની કાર્યપ્રણાલી અંગે માહિતી મેળવી અને સમયબદ્ધ તથા સુવ્યવસ્થિત કાર્ય નિષ્પાદન માટે જરૂરી સુધારાત્મક સૂચનો તથા નિર્દેશો આપ્યા. નિરીક્ષણ દરમિયાન તેમણે મિકેનિકલ તથા કોમર્શિયલ વિભાગના અધિકારીઓ, સુપરવાઈઝરો અને કર્મચારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી. ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે સ્ટેશનની બહારના સર્ક્યુલેટિંગ એરિયા તેમજ વાહનવ્યવસ્થા (ટ્રાફિક વ્યવસ્થા)નું પણ અવલોકન કર્યું. તેમણે મુસાફરો અને સામાન્ય નાગરિકોની સુવિધા માટે ટ્રાફિકના સુચારુ પ્રવાહ, પાર્કિંગ વ્યવસ્થાપન તથા ઓટો-ટેક્સી સ્ટેન્ડની વ્યવસ્થાની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને જરૂરી સુધારા સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપી.


સરસ્વતી ધામનુ કરાયુ ભુમિ પુજન : ૨૦૩૬ માં સમાજની દિકરી એસપી કે કલેકટર બનીને અહીં ભાષણ કરશે

# ગાંધીનગરમાં ઠાકોર સમાજનુ અભ્યુદય મહાસંમેલન યોજાયુંઃ જે દિવસે હું સમાજને કંઈ નહી આપુ તે દિવસે રાજનીતી છોડી દઈશઃ અલ્પેશ ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ





ગાંધીનગર માં રામકથા મેદાનમાં ઠાકોર સમાજનુ અભ્યુદય મહાસંમેલન યોજાયુ હતું. મધ્ય રાત્રે ૩ વાગે અલ્પેશ ઠાકોરના નેતૃત્વમાં મહાસંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું. મહાસંમેલનનો મુખ્ય ઉદેશ યુવા શકિતને જાગૃત કરવાનો, સમાજને વ્યસનમુકત કરવાનો, સમાજને સ્વાભિમાન માર્ગે વાળવાનો હતો, શિક્ષણ, રોજગારના વિષય પર ગહન ચર્ચા કરાઈ હતી. યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે વિશેષ આયોજન કરાયુ હતું.

આ સંમેલનમાં અડધી રાત્રે ૩ વાગ્યા પહેલા થી જ લાખો ની સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડયા હતા અને સંમેલનમાં મુખ્ય એજન્ડા સમાજની એકતા અને શિક્ષણને લઈને જાગૃતતાને સમર્થન આપ્યુ હતું. સંમેલનની શરૂઆત સરસ્વતી વંદના સાથે થઈ હતી. ત્યારબાદ ગરબાએ વાતાવરણને જીવંત બનાવ્યુ હતું. સમાજના લોકોએ એક જુટ થઈને આગળ થવાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમના અંતે સરસ્વતી ધામનુ ભુમિ પુજન કરાયુ અને સમાજને શિક્ષણના ઉચ્ચસ્તરે પહોચાડવા માટેનો સંકલ્પ લેવાયો હતો. આ સંમેલનમાં હાજર ધવલસિંહ ઝાલા, કેશાભાઈ ઠાકોર, બળદેવજી ઠાકોર, ગેનીબેન ઠાકોર, શોભનાબેન બારૈયા અને કેબિનેટ મંત્રી રમણસિંહ સોલંકી સહિતના તમામ લોકોએ મહાસંમેલનનો હેતુ સમાજને શિક્ષણક્ષેત્રે આગળ લાવવા અને રોજગાર ક્ષેત્રે બાળકો આગળ આવે એની ચિંતાને લઈને ભેગા થયા હોવાનુ જણાવ્યુ હતું.

ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા સમાજમાં યુવા શકિતને જાગૃત કરવા, સ્વાભિમાન અને વ્યસનમુકિતના મકકમ ઈરાદા સાથે આ ઐતિહાસિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમ દરમિયાન અડાલજ માં બનનાર સરસ્વતી ધામ પ્રોજેકટની જાહેરાત સાથે ભુમિ પુજન પણ કરાયુ હતું. આ સંમેલનમાં બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે આજે ત્રીજી વખત અડધી રાતે લોકો ભેગા થયાનો બનાવ છે. દેશની આઝાદી મળી ત્યારે અડધી રાત્રે મીટીંગ મળી હતી. ત્રીજી વખત જય પ્રકાશ નારાયણે બિહારમાં ૬ વાગે મીટીંગ બોલાવી હતી અને આજે ત્રીજી વખત ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા અડધી રાત્રે ગાંધીનગરમાં લાખો લોકો એકત્રીત થયા છે. સમાજના વિકાસ માટે સત્તાની જરૂર પડશે, સત્તા વગર આપણે આગળ ન વધી શકીએ, સરકાર તરફથી ૧૦ હજાર વાર જમીન ફાળવવામાં આવી છે. સંમેલનને સંબોધતા અલ્પેશ ઠાકોરે કહ્યુ હતુ કે સરકારે બજાર કરતા ૫૦ ટકા ભાવે જમીન આપી છે. જે સમાજ માટે મોંઘી પડે છે છતાં લઈ લીધી છે, સરસ્વતી ધામમાં ૨ હજાર દિકરા દિકરીઓ રહી શકશે, લગ્નોમાં ખોટા ખર્ચા માટે જમીનો વેચાય નહી અને સમાજના નાગરીકોએ જમીન સાચવવી પડશે, જે દિવસ લાગશે કે ઠાકોર સેનાને કઈ નહી આપી શકુ તે દિવસે રાજનીતી છોડી દઈશ, ૨૦૩૬ માં સભામાં અમે કદાચ નીચે બેઠા હોઈશુ, ૨૦૩૬ માં સમાજની દિકરી એસપી કે કલેકટર બનીને અહી ભાષણ કરશે. હું વિવેકી છુ પણ ડરપોક નથી, તેમણે કહ્યુ કે ૨૦૧૬ માં ૨૬ મી જાન્યુઆરીએ ભેગા થયા હતા, વ્યસનમુકિતની વાત કરી ત્યારે લોકો આપણા પર હસતા હતા. કોઈ દારૂ પી ને નિકળે એટલે લોકો કહેતા ઠાકોર હશે, ક્ષત્રીય ઠાકોર સેનાના કાર્યકરોનો આભાર માનુ છુ, હવે દારૂ પીનારાને શોધવો પડે તેવી પરીસ્થિતિ છે. સમૃધ્ધ સમાજને કહુ છુ તમારા દિકરા દિકરીને વાળી લેજો, અમે જે વેઠયુ છે તે તમે વેઠી નહી શકો, ગુજરાતનો કહેવાતો સૌથી મોટો સમાજ ડીએસપી કે કલેકટર આપી શકયો નથી. અન્ય સમાજ કલેકટર અને ડીએસપી આપે તો આપણે કેમ નહી ? આપણી સમાજમાં પછાત છીએ, પછાતપણુ ભાંગવુ છે,

ગુજરાતી ફીલ્મ સ્ટાર વિક્રમ ઠાકોરનુ અભ્યુદય મહાસંમેલનમાં મહત્વનુ નિવેદન આપ્યુ હતું. તેમણે કહ્યુ હતુ કે સમાજ હંમેશા એક રહે તે પ્રાર્થના કરૂ છું. સમાજના દરેક સંમેલનમાં જાવ છુ, ગેનીબેને મને બોલાવ્યો હતો પણ જઈ ન હતો શકયો તે બદલ માફી માંગુ છું. સમાજના કારણે જ હું અલ્પેશભાઈ અને અન્ય આગેવાનો છીએ, ગેનીબેને બંધારણ સમાજ માટે કર્યુ છે. એક વિનંતી છે કે ડી જે વાળાનુ ઘર ચાલે તેવુ કંઈક કરો, વ્યસનમાં આગળ નહી પાછળ જવાની જરૂર છે, દારૂના વ્યસન છોડો, જમાનો બદલાયો, બાળ લગ્નના કુરીવાજો છોડો, જમાનો બદલાયો શિક્ષણના રસ્તે આગળ વધો.

# કોસંબા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્ય હેતુ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના સુરત-વડોદરા વિભાગમાં આવેલા કોસંબા સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્ય હેતુ એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે.

આ બ્લોકને કારણે ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ (બુધવાર) ના રોજ કેટલીક ટ્રેનો રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

પૂર્ણતઃ રદ ટ્રેનો

૧. ટ્રેન નં ૫૯૦૪૯ વલસાડ - વડોદરા પેસેન્જર ટ્રેન ૨૮ જાન્યુઆરી રદ રહેશે.

૨. ટ્રેન નં. ૫૯૦૫૦ વડોદરા – વલસાડ પેસેન્જર ટ્રેન ૨૮ જાન્યુઆરીના રોજ રદ રહેશે.

૩. ટ્રેન નં. ૬૯૧૫૦ ભરૂચ – સુરત મેમુ ટ્રેન ૨૮ જાન્યુઆરીના રોજ રદ રહેશે.

આંશિક રીતે રદ

૧. ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ટ્રેન નં. ૧૯૧૦૧ વિરાર – ભરૂચ એક્સપ્રેસ ટ્રેન સુરત સુધી ચાલશે. તથા સુરત ભરૂચ ની વચ્ચે આંશિક નિરસ્ત રહેશે

રેલયાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને યાત્રા કરે.

ટ્રેનોના પરિચાલન સમય, સ્ટપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www. enquiry. indianrail. gov.in** પર જઈને અવલોકન શકે છે.

શરમજનક કરતૂત કરનાર કર્મચારી સામે ફરિયાદ

# અમદાવાદમાં ખાનગી હોસ્પિટલમાં યુવતીની છેડતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલી મેટીસ હોસ્પિટલમાં માનવતા કિસ્સો સામે આવ્યો છે.

અહીં આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલી એક અર્ધબેભાન યુવતીની હોસ્પિટલના જ કર્મચારીએ છેડતી કરી હોવાની ઘટના બની છે. પીડિતા પોતાના પતિ સાથેના વિવાદને કારણે માનસિક તણાવમાં હતી અને તેણે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાથી તેને સારવાર માટે આ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વહેલી પરોઢે જ્યારે યુવતી ગાઢ નિદ્રા અને દવાની અસરમાં હતી, ત્યારે હોસ્પિટલના કર્મચારીએ તેની લાચારીનો લાભ ઉઠાવી શારીરિક અડપલાં કર્યા હતા.

આ ઘટના સમયે યુવતીએ હિંમત દાખવી બૂમ પાડતા આરોપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. યુવતીએ તુરંત જ પોતાના પિતાને આ અંગે જાણ કરી હતી. જ્યારે પીડિતાના પિતાએ હોસ્પિટલ સત્તાધીશો પાસે સીસીટીવી ફૂટેજ જોવાની માંગણી કરી, ત્યારે હોસ્પિટલ સ્ટાફ દ્વારા સહકાર આપવાને બદલે ફૂટેજ બતાવવાનો સાફ ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. જો કે, બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે છેડતી કરનાર શખસનું નામ ઈન્દ્રજીત રાઠોડ છે, જે અસારવા વિસ્તારનો રહેવાસી છે અને હોસ્પિટલમાં જ ફરજ બજાવે છે.

# રાજય સરકાર નગરપાલિકાઓને ૧૧ પ્રકારની રાહત આપશેઃ જંત્રીના ૨૫ થી ૫૦ ટકા રકમ ચુકવવી નહી પડેઃ વિના મુલ્યે મળશે જમીન

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજયના શહેરી વિસ્તારોના વિકાસને વેગ આપવા અને વહિવટી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે મુખ્યમંત્રી દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે નગરપાલિકાઓએ શહેરના પાયાના સુવિધાના કામો માટે સરકારી જમીન મેળવવા માટે જંત્રીના ૨૫ થી ૫૦ ટકા રકમ ચુકવવી પડશે નહી, રાજય સરકાર હવે ૧૧ પ્રકારની વિવિધ જાહેર સુવિધાઓ માટે નગરપાલિકાઓને વિના મુલ્યે જમીન ફાળવશે.

અત્યાર સુધી નગરપાલિકાઓએ જયારે કોઈ વિકાસલક્ષી પ્રોજેકટ માટે સરકારી જમીનની માંગણી કરતી ત્યારે તેમણે જંત્રીના નકકી કરેલા દરો મુજબ મોટી રકમ સરકાર માં જમા કરાવવી પડતી હતી.

આ આર્થિક બોજને કારણે ઘણીવાર પ્રોજકેટમાં વિલંબ થતો હતો. હવે આ નિર્ણયથી વિકાસના કામોમાં ઝડપ આવશે, નગરપાલિકાઓ પરનુ આર્થિક ભારણ ઘટશે અને નાગરીકોને પાયાની સુવિધાઓ સમયસર મળી રહેશે. ૧૧ સુવિધાઓ માટે જમીન મફત મળશે જેમાં (૧) ફાયર સ્ટેશન (૨) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૩) વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (૪) ભુગર્ભ ગટર ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન (૫) વોટર સપ્લાય પ્રોજેકટ (૬) સ્ટ્રોમ વોટર ડ્રેનેજ (વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ) (૭) ટાઉન હોલ (૮) કોમ્યુનીટી હોલ (૯) કન્વેન્શન (૧૦) નગર સેવા સદન (વહિવટી ઓફીસ) (૧૧) અન્ય પાયાની માળખાગત સુવિધાઓ માટે.

નાગરીકોની સુખાકારી માટે લેવાયેલ આ નિર્ણય થી શહેરી વહિવટ વધુ લોકાભુમિખુ બનશે અને અટકેલા વિકાસના કામોને નવી ગતિ મળશે.

હિંમતનગર તાલુકાના વિકાસ માટે મંત્રીના હસ્તે કલેકટરને રૂ.૨૫ લાખનો ચેક અર્પણ કરાયો

# સાબરકાંઠા જિલ્લા કક્ષાના ૭૭ માં પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરાઈઃ શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમન વાજા ની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિન એપીએમસી ફાર્મસી કોલેજ કેમ્પસ મોતીપુરા હિંમતનગર ખાતે શિક્ષણમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના વરદ હસ્તે રાષ્ટ્ર ધ્વજને સલામી આપી રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ભવ્ય ઉજવણી કરાઈ હતી. મંત્રીએ પોલીસ માર્ચ પાસ્ટ ની સલામી ઝીલી હતી અને પરેડનુ નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે મંત્રી પ્રદ્યુમન વાજાએ નાગરીકોને ૭૭ માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવી શહીદવીરોને શબ્દાંજલી અર્પી હતી. સાબરકાંઠા જિલ્લાના પાલ દઢવાવ શહિદવન, ઈડરીયોગઢ, કોડીયાવાડ ગામ વગેરે સ્થળોના ઐતિહાસિક મહત્વની જાણકારી આપી હતી. જિલ્લાના ખેડુતોની સિધ્ધીઓ વર્ણવી હતી. ભારતના વિકાસમાં ગુજરાતની ભુમિકા ગ્રોથ એજન્સી હોવાનુ ઉમેર્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી જ હમણા જ ગુજરાતે સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી હતી. વર્ષ ૨૦૨૫ ત્રિવેણી ઐતિહાસિક ઉજવણી કરી હતી. જેમાં સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિ, વંદે માતરમ્ ગીતની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી અને ધરતી આંબા જન નાયક ભગવાન બિરસામુંડાની ૧૫૦ મી જન્મજયંતિને જન જાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યો હતો. તેમજ પૂર્વ વડાપ્રધાન સ્વ અટલ બિહારી વાજપેઈજીના જન્મ દિવસને સુશાસન સપ્તાહ તરીકે ઉજવવામાં આવ્યો હતો. નાગરીક કલ્યાણ લક્ષી લોકાર્પણ ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતુ કે વડાપ્રધાન દ્વારા ૨૦૦૩ માં શરૂ કરવામાં આવેલા વાઈબ્રન્ટ ગુજરાત આજે વટવૃક્ષ બન્યુ છે ત્યારે ગુજરાતમાં રીજીયોનલ કોન્ફરન્સની શરૂઆત થકી કરોડોના એમઓયુ થયા છે.

ગુજરાતના ખેડુતો માટેની યોજનાઓ, પ્રાકૃતિક ખેતી માટે વિકાસ બોર્ડ, દરીયાઈ વિસ્તારમાં વીજ સુવિધા, સહકાર થી સમૃધ્ધિ, શિક્ષણ માં નમો લક્ષ્મી, નમો સરસ્વતી યોજના, મુખ્યમંત્રી અલ્પાહાર યોજના, આરોગ્યની વાત કરતા કહ્યુ હતુ કે ગુજરાતને સ્વસ્થ બનાવવા માટે મેદસ્વીતા મુકત ગુજરાત અભિયાન, સ્વસ્થ નારી સ્વચ્છ પરીવાર, માતા બાળકોના પોષણ માટે વિવિધ યોજનાઓ, વન બંધુ કલ્યાણ યોજના જેવી અનેક યોજનાઓ થકી વિકાસ કર્યો છે. આ રાષ્ટ્રીય પર્વમાં વંદે માતરમ્ ગીતની રચનાના ૧૫૦ વરસની ઉજવણી નિમિત્તે વંદે માતરમ્ નુ ગાન કરાયુ હતું. હિંમતનગર તાલુકાના વિકાસ માટે મંત્રીના હસ્તે જિલ્લા કલેકટરને રૂપીયા ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો.

### હું નોબલ કોઝ હોય તેવા જ કાર્યક્રમોમાં જાઉ છું : ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકી

# થેલેશમિયાનાં બાળ દર્દીઓ માટે સ્વૈચ્છિક રક્તદાન શિબિર આશીર્વાદ સમાન છે : ઝોન - ૩, ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકી

**સમસ્ત બંગાળી સમાજ દ્વારા થેલેસેમીયાના બાળ દર્દીઓ ને રક્ત પૂરું પાડવા માટે સતત ૨૦મી સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળ આયોજન કરાયું**



કરસન સોલંકી
અમદાવાદ,

નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૯ મી જન્મજયંતિ નિમિત્તે સમસ્ત બંગાળી સમાજ દ્વારા રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના સહકારથી અવરિત ૨૦ મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં અમદાવાદ શહેર ઝોન - ૩, ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ નેતાજી સુભાષ ચંદ્ર બોઝને પુષ્પ અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ જણાવ્યું હતું કે હું નોબલ કોઝ હોય તેવા જ કાર્યક્રમો માં જાઉ છુ. જાહેર મેળાવડામાં જતી નથી.

ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ સમસ્ત બંગાળી સમાજ તરફથી દર વર્ષે આવી પ્રેરણાદાયક સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાવા માટે શુભેચ્છા પાઠવી હતી.

શ્રી પારૂલબેન સોલંકીનું બહુમાન સમસ્ત બંગાળી સમાજનાં પ્રમુખ રઉફભાઈ શેખ તથા ઉપપ્રમુખ સુજીતભાઈ બેનરજીએ શાલ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ કોર્પોરેટર મયુર દવેએ કહ્યું હતું કે ગાંધી રોડ પર સમસ્ત બંગાળી સમાજ તરફથી સતત ૨૦મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિર કોમી એકતાનું પ્રતિક છે. આ રક્તદાન શિબિરમાં સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ શાલ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી બહુમાન કર્યું હતું.

સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ સતત ૨૦મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિર માં રક્તદાતાઓને સર્ટીફીકેટ અને ગિફ્ટ આપી સહુનો આભાર માન્યો હતો. અમદાવાદ શહેરનાં ઝોન થ્રી ડીસીપી શ્રી પારૂલબેન સોલંકીએ - નેતાજી સુભાષ ચંદ્ર બોઝની ૧૨૯ મી જન્મજયંતિ નિમિત્તે - સમસ્ત બંગાળી સમાજ દ્વારા - થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા નાં ભાગરૂપે યોજવામાં આવેલી - સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં હાજરી આપી હતી અને - નેતાજી સુભાષ ચંદ્ર બોઝની તસવીરને - શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.આ પ્રસંગે ડીસીપી શ્રી પારૂલબેન સોલંકીએ જણાવ્યું હતું કે - હું નોબલ કોઝ હોય તેવા જ કાર્યક્રમો માં જાઉ છુ. જાહેર મેળાવડામાં જવાનું ટાળું છું. તેમજ ડી.સી.પી. શ્રી પારૂલબેન સોલંકીએ સમસ્ત બંગાળી સમાજ તરફથી - દર વર્ષે આવી પ્રેરણાદાયક સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાવા બદલ - હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.સમસ્ત બંગાળી સમાજનાં પ્રમુખ રઉફભાઈ શેખ તથા ઉપપ્રમુખ સુજીતભાઈ બેનરજીએ - ડીસીપી શ્રી પારૂલબેન સોલંકીનું બહુમાન - શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી કર્યું હતું.આ પ્રસંગે એક્સ કાઉન્સિલર મયુર દવેએ કહ્યું હતું કે - ગાંધી રોડ પર સમસ્ત બંગાળી સમાજ દ્વારા સતત ૨૦મી વખત - થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા માટે યોજવામાં આવેલી - સ્વૈચ્છિક રક્તદાન શિબિર કોમી એકતાનું ઉમદા પ્રતિક છે. આ રક્તદાન શિબિરમાં સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ શાલ અને પુષ્પ ગુચ્છ અર્પણ કરી બહુમાન કર્યું હતું. સમસ્ત બંગાળી સમાજ એસોસિએશનનાં પ્રમુખ રઉફભાઈ શેખ, ઉપપ્રમુખ સુજીત બેનર્જીએ સતત ૨૦મી થેલેસેમીયાના બાળ દર્દીઓ ને લોહી પુરુ પાડવા યોજવામાં આવેલી સ્વૈચ્છિક રક્તદાન શિબિર માં રક્તદાતાઓને સર્ટીફીકેટ અને ગિફ્ટ આપી સહુનો આભાર માન્યો હતો.

# ગુજરાતના ૪ મહાનગરોમાં બનશે દિવ્યાંગો માટે ખાસ ગાર્ડનઃ આગામી બજેટમાં વિશેષ જોગવાઈ સાથે જાહેરાતની શકયતા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગજન માટે એક મહત્વપૂર્ણ અને માનવ સંવેદનાથી ભરેલો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ ના રાજય બજેટમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ આ ૪ મહાનગરોમાં દિવ્યાંગો માટે ખાસ દિવ્યાંગ મૈત્રિ પુર્ણ ગાર્ડન બનાવવાની જાહેરાત થવાની શકયતા છે. આ પ્રોજેકટ મહારાષ્ટ્રના નાગપુર ખાતે વિકસાવાયેલા દિવ્યાંગ ગાર્ડનની સફળ પેટર્ન પર આધારીત હશે.

સરકારી સુત્રોના જણાવ્યા મુજબ આ અંગે ઉચ્ચ સ્તરે બેઠકો અને ચર્ચાઓ પુર્ણ થઈ ચુકી છે અને હવે અંતિમ મંજુરીની પ્રક્રીયા ચાલી રહી છે. જો તમામ પ્રક્રિયા સમયસર પૂર્ણ થાય તો ૧૭ ફેબ્રુઆરી એ રજુ થનારા રાજય બજેટમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ ખાસ ગાર્ડન ૨૧ પ્રકારની વિકલાંગતાઓ ધરાવતા દિવ્યાંગજનોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવશે. ગાર્ડન માત્ર ફરવા માટેનુ સ્થળ નહી પરંતુ એક સંપૂર્ણ સેન્સરી અને થેરાપી સેન્ટર તરીકે કાર્યરત કરશે. દ્રષ્ટીહીન લોકો માટે સ્પર્શ અને સુગંધ દ્વારા અનુભવ મેળવી શકાય તેવી વ્યવસ્થા રહેશે. ખાસ ટેકસચર બ્લોકસ, સુગંધીત છોડ અને બ્રેઈલ લીપી માં લખેલી માહિતી દ્વારા તેઓને સ્વતંત્ર રીતે ફરવાનો અનુભવ મળશે.

માનસિક રીતે વિકલાંગ બાળકો, ઓટીઝમ અને સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો માટે અલગ શાંતિપૂર્ણ રૂમ, સેન્સરી ઝોન, સુરક્ષિત રમણ વિસ્તારો તૈયાર કરવામાં આવશે. વોટર થેરાપી, ફીઝીયોથેરાપી અને ઓકયુપેશનલ થેરાપી માટે જરૂરી સાધનો પણ ગાર્ડનમાં ઉપલબ્ધ કરાશે. વ્હિલચેર ઉપયોગ કરનારાઓ માટે ખાસ હિંચકા, લપસણી અને સરળ પ્રવેશ માર્ગો બનાવવામાં આવશે. રાજયમાં હાલમાં શહેરી વિકાસ વર્ષ ઉજવાઈ રહયુ છે અને આવનારા સમયમાં અમદાવાદ સહિત રાજયના મહાનગરોમાં મોટા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટનુ આયોજન થઈ રહ્યુ છે. સાથે જ ૪ મહાનગરોમાં દિવ્યાંગ વસ્તી નોધપાત્ર છે. અમદાવાદમાં ૨.૫૦ લાખ થી વધુ, સુરતમાં ૧.૮૦ લાખ થી વધુ, વડોદરામાં ૯૦ હજાર થી વધુ અને રાજકોટમાં ૭૦ હજાર થી વધુ દિવ્યાંગ લોકો હોવાનો અંદાજ છે. ત્યારે આ ગાર્ડનોથી હજારો પરીવારોને સીધો લાભ થશે. આ સંદર્ભમાં દિવ્યાંગ મૈત્રી પૂર્ણ ગાર્ડનનો સમાવેશ શહેરી વિકાસની દિશામાં એક નવી દ્રષ્ટી ઉમેરે છે.

# કલોલમાં ૧૩ હજાર કરોડના ખર્ચે દુબઈ હેલ્થ કેર સીટી જેવુ ઈન્ટરનેશનલ મેડીસીટી સ્થપાશેઃ ગાંધીનગરને વિશ્વના હેલ્થ મેપ પર અગ્રેસર બનાવાશેઃ જયંતિ રવી



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાત સરકાર કલોલ નજીક રૂપીયા ૧૩ હજાર કરોડના રોકાણ સાથે ઈન્ટરનેશનલ મેડીસીટી સ્થાપવા જઈ રહી છે. આ પ્રોજેકટ દુબઈ હેલ્થ કેર સીટીની તર્જ પર હશે. જે ગુજરાતની રાજધાની ગાંધીનગરની વિશ્વના હેલ્થ મેપ પર અગ્રેસર બનાવાશે તેવુ ગાંધીનગર ખાતે ૭૭ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મહેસુલ વિભાગ અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવીએ જણાવ્યુ હતું. ભારતના ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રામકથા મેદાન ગાંધીનગર ખાતે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવી ની ગરીમામય ઉપસ્થિતિમાં ઉત્સાહભેર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સૌ નગરજનોને હાર્દિક શુભકામનાઓ પાઠવતા અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવી એ કહ્યુ હતુ કે આ ભુમિ મહાત્માં ગાંધીના નામ સાથે જોડાયેલી છે. જે આપણને હંમેશા સત્ય, અહીંસા અને સુરાજયના પથ પર ચાલવાની પ્રેરણા આપે છે. ૨૬ મી જાન્યુઆરી ૪૯ ના એ ઐતિહાસિક દિવસને યાદ કરવાનો અવસર છે. જયારે આપણે વિશ્વના સૌથી મોટા લોકતંત્ર તરીકે આપણુ બંધારણ અપનાવ્યુ, આ બંધારણ માત્ર કાયદાનો સંગ્રહ નથી પણ દરેક ભારતીય ના સપના અને સમાનતાનો દસ્તાવેજ છે. આજે આપણે જયારે આઝાદીના આ અમૃતકાળમાં જીવી રહ્યા છીએ ત્યારે ડો. બાબા સાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ અને આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલીદાનને ભુલી ન શકાય, તેમની દુરંદેશીને કારણે જ આજે ભારત વિશ્વગુરૂ બનવા તરફ મકકમતાથી આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર વિકાસની નવી ક્ષિતિજો સર કરી રહ્યુ છે. ગાંધીનગર માત્ર ગુજરાતનુ પાટનગર નથી પણ તે આધુનિકતા અને સંસ્કારીતાના સમન્વય છે. ગ્રીન સીટી તરીકે ની ઓળખ ધરાવતુ આ શહેર આજે ટેકનોલોજી, શિક્ષણ અને સુશાસનનુ કેન્દ્ર બન્યુ છે. આપણો ગાંધીનગર તાલુકો અને જિલ્લો શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓમાં અગ્રેસર રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાનુ બજેટ વર્ષ ૨૦૧૦ માં જે માત્ર રૂપીયા ૭ કરોડ હતુ તે આજે રૂપીયા ૧૭૦૦ કરોડ ને પાર કરી ગયુ છે. આ જનસુખાકારી માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારનો મકકમ નિર્ધારનો પુરાવો છે. ડો. રવીએ વધુમાં કહ્યુ હતુ કે પેથાપુર-મહુડી રોડ નુ ફોર લેનીંગ, નવા રેલ્વે ઓવરબ્રીજ અને સેકટરોમાં સ્માર્ટ ડ્રેનેજ સિસ્ટમ દ્વારા ગાંધીનગર હવે સાચા અર્થમાં સ્માર્ટ સીટી બની રહ્યુ છે. ગાંધીનગર જિલ્લો આઈટી અને બાયોટેક હબ બની રહ્યો છે. સાથે જ વર્ષ ૨૦૩૬ ઓલિમ્પિકના લક્ષ્ય સાથે જિલ્લામાં નવા સ્પોર્ટસ કોમ્પલેક્ષનુ નિર્માણ થઈ રહ્યુ છે. ગુજરાત દેશને ઉર્જા સુરક્ષા પુરી પાડવામાં અગ્રેસર છે. ગુજરાત ભારતનુ પેટ્રોકેમિકલ હબ અને ગ્રીન એનર્જી કેપીટલ બન્યુ છે. તેમણે વધુમાં કહ્યુ કે રાજયમાં સોલાર અને વિન્ડ એનર્જી દ્વારા પ્રદુષણ મુકત ઉર્જાનુ નિર્માણ કરી રહ્યા છીએ. કચ્છના રણમાં બની રહેલો વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ રીન્યુએબલ એનર્જીપાર્ક એ ભારતની શકિતનુ પ્રતિક છે. પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ આપણા ખેડુતો હવે અન્નદાતાની સાથે ઉર્જા દાતા પણ બની રહ્યા છે. ખેતરમાં સોલાર પેનલ લગાવીને તેઓ પોતાની વિજળી જાતે ઉત્પન્ન કરી રહ્યા છે.

### આગામી તા.૧ ફેબ્રુ.થી ૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન નોંધણી કરવાની પ્રક્રિયા શરૂ

# ખેડુતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે દર વર્ષની જેમ લઘુત્તમ ટેકાના ભાવે થશે ઘઉં ની ખરીદી



પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર રાજયમાં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉનુ વેચાણ કરવા ઈચ્છુક ખેડુતોએ તેમની ઓનલાઈન નોંધણી ગ્રામીણ કક્ષાએ વીસીઈ મારફતે તારીખ ૧ ફેબ્રુઆરી થી તારીખ ૧ માર્ચ ૨૦૨૬ સુધી કરાવવાની રહેશે.

ટેકાના ભાવે ઘઉનુ વેચાણ કરવા ઈચ્છુક ખેડુતોએ નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, અદ્યતન ગામનો નમુનો, ૭/૧૨ , ૮-અ તેમજ પાક વાવણી અંગેની નોંધ ૭/૧૨ કે ૮-અ માં ન હોય તો તલાટીની સહી સિકકાવાળો દાખલો, ખેડુતના નામના બેંક ખાતાની વિગત, બેંક પાસબુકની નલક અથવા કેન્સલ ચેકની નકલ સાથે રાખવાની રહેશે. વધુમાં ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડુતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડુતે પોતાનુ આધારકાર્ડ / ઓળખપત્ર સાથે રાખવાનુ રહેશે, ખેડુત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટિકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. ડોકયુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોકયુમેન્ટ અપલોડ કરાયા હોવાનુ ધ્યાને આવશે તેવા કિસ્સામાં તેમનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહી. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડુતોએ તેમની ઓનલાઈન નોંધણી ફરજીયાત કરાવવાની હોવાથી આ માટે સંબંધીત ગ્રામ પંચાયતનુ સંપર્ક કરી નોંધણી કરાવવા નાગરીક પુરવઠા નિગમ દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# ભાજપે કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કર્યુ ધ્વજવંદનઃ આજે દેશ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે : વિશ્વકર્મા




પ્રતિનિધિ,ગાંધીનગર

૭૭ માં પ્રજાસત્તાક પર્વની દેશભરમાં ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અનુક્રમે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પણ પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ અવસરે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યુ હતું. ભાજપ કાર્યાલય રાષ્ટ્ર પ્રેમથી છલકાયુ હતું. ધ્વજવંદન કાર્યક્રમ દરમિયાન ભાજપના ધારાસભ્યો, પ્રદેશ પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન દેશભકિત ગીતો અને સુત્રોચ્ચારોથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્ર પ્રેમથી છલકાયુ હતું. ઉપસ્થિત નેતાઓ અને કાર્યકર્તાઓએ દેશની એકતા , અખંડીતતા અને બંધારણ પ્રત્યેની પ્રતિબધ્ધતાનો સંકલ્પ લીધો હતો. આજે દેશ દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પોતાના સંબોધનમાં જણાવ્યુ હતુ કે આજે દેશ દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યો છે અને પ્રજાસત્તાક પર્વ આપણને આપણા અધિકારો સાથે ફરજોનુ પણ સ્મરણ કરાવે છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ હટાવવાનો ઐતિહાસિક નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લેવાયો હતો. જે દેશની એકતા અને સુરક્ષા માટે મહત્વપૂર્ણ સાબિત થયો છે. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રીય ગૌરવ અને દેશ પ્રેમની ભાવનાથી પરીપુર્ણ રહ્યો હતો.

# પાટણ કોંગ્રેસમાં ઘી ના ઠામમાં ઘી ઢળ્યુંઃ કોંગ્રેસ આંતરીક વિવાદનો અંતઃ જિગ્નેશ મેવાણી સામેનુ પુતળાદહન મુલત્વી રખાયું



પ્રતિનિધિ,ગાંધીનગર

જયારે આખો દેશ રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં વ્યસ્ત હતો ત્યારે વડગામના કોંગ્રેસના ધારાસભ્ય ના એક નિવેદને આગમાં ઘી હોમાયુ હતુ, વીર મેધ માયા સાતમની ઉજવણી દરમિયાન અનુસુચિત જાતિના હિતેન્દ્ર પીઠાડીયાને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. ત્યારબાદ સ્થાનિક પાટણ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. જો કે અનુસુચિત જાતિના નેતાને મળેલી જાનથી મારી નાખવાની ધમકીઓ અંગે બે કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચેનો વિવાદ હવે ઉકેલાઈ ગયો છે.

સામાજિક સૌહાર્દ અને શાંતિ જાળવવા માટે પાટણમાં ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે પુતળાદહનનો આયોજીત કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવ્યો છે. કોંગ્રેસ હાઈકમાન્ડ અને સ્થાનિક નેતાઓ વચ્ચેની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. હિતેન્દ્ર પીઠાડીયાને ધમકીઓ મળ્યા બાદ સમગ્ર વિવાદ શરૂ થયો હતો. ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આ ઘટના અંગે આક્રમક નિવેદનો આપ્યા હતા જેનાથી પાટણ ના ધારાસભ્ય કિરીટ પટેલ અને તેમના સમર્થકો ગુસ્સે ભરાયા હતા. જયારે બંને ધારાસભ્યો એક બીજા સામે આવ્યા ત્યારે કોંગ્રેસ પક્ષમાં આંતરીક જુથવાદ સપાટી પર આવ્યો હતો. કિરીટ પટેલના સમર્થકો અને વિવિધ સમુદાયના યુવાનો મેવાણીથી નારાજ હતા, જેના કારણે પાટણમાં મેવાણીના પુતળા દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બે ધારાસભ્યોના વિવાદને લઈ કોંગ્રેસ હાઈકમાન્ડ સક્રિય થઈ ગયુ હતું. જિલ્લામાં વર્ગ સંઘર્ષ અટકાવવા અને સામાજિક એકતા જાળવવા માટે પાર્ટીના ટોચના નેતાઓ અને વિવિધ સમુદાયોના પ્રતિનિધિઓ વચ્ચે એક બેઠક યોજાઈ હતી. ચર્ચાના અંતે સમાધાન કારી અભિગમ અપનાવવામાં આવ્યો હતો. નેતૃત્વએ વિનંતી કરી હતી કે વિવાદ વધુ વકરે તે પહેલા આ મામલો ઉકેલી દેવામાં આવે.

કિરીટ પટેલના સમર્થકો અને સ્થાનિક કાર્યકરોએ જણાવ્યુ હતુ કે પાટણ અને ગુજરાતના હિતમાં અને સામાજિક સૌહાર્દ જાળવવા માટે હાલ પુરતો વિરોધ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. તમામ સંગઠનો અને કાર્યકરોને આ ફેરફારની નોંધ લેવા કહેવામાં આવ્યુ છે. આ નિર્ણયનો હેતુ બે કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે જાહેર મુકાબલો અટકાવવાનો હતો.

# પ્રદેશ ભાજપ દ્વારા જિલ્લા ભાજપ સંગઠનોની યાદી જાહેરઃ આણંદ, દાહોદ અને જુનાગઢની ટીમ જાહેર કરાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ સંગઠનની રચના બાદ હવે જિલ્લા અને મહાનગરોના સંગઠનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તારીખ ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સાંજે ભાજપ દ્વારા તબકકાવાર વિવિધ જિલ્લા અને શહેરના સંગઠનોની સત્તાવાર યાદી જાહેર કરવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં આણંદ અને દાહોદ જિલ્લા ઉપરાંત જુનાગઢ શહેરના હોદ્દેદારોના નામ પર પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા મહોર મારવામાં આવી છે. જુનાગઢ શહેર સંગઠનમાં અનુભવી અને યુવા ચહેરાઓનો સમન્વય સાધવામાં આવ્યો છે. જાહેર થયેલી યાદી મુજબ ૩ મહામંત્રી અને ૮ ઉપપ્રમુખોની વરણી કરાઈ છે. ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ ગજેરા, રાકેશભાઈ ધુલેશીયા, ઓમ પ્રકાશ રાવલ, ગીરીશભાઈ આડતીયા, રમેશભાઈ બાવળીયા, જયોતિબેન વાડોલીયા, વિવેકભાઈ ગોહિલ અને કિરણબેન હેજમ ની પસંદગી કરાઈ છે. જયારે મહામંત્રી તરીકે વિનુભાઈ ચાદેગરા, મિલનભાઈ ભટ્ટ અને જયેશભાઈ ધોરાજીયા ને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે જુનાગઢ ની ટીમમાં મંત્રી તરીકે રાજેશભાઈ ચુડાસમા, હરેશભાઈ ગાગીયા, કમલભાઈ ચુડાસમા, હિનાબેન જેતપરીયા, કિંજલબેન સતાસીયા, યોગેશ્વરીબા જાડેજા, ગીતાબેન મહેતા અને કિરણબેન રાણીગાનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત કોષાધ્યક્ષ તરીકે નીતિનભાઈ સુખવાણી, કાર્યાલય મંત્રી તરીકે નિરવભાઈ તલાવીયા અને સહ કાર્યાલય મંત્રી તરીકે પ્રગ્નેશભાઈ રાવલની વરણી કરવામાં આવી છે.

તો બીજી તરફ આણંદ જિલ્લાના સંગઠનમાં તમામ તાલુકાઓને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ થયો છે. ઉપપ્રમુખ તરીકે રાજ દેવીસિંહ હઠીસિંહ, પઢીયાર દિનેશભાઈ , પટેલ વિમલભાઈ, દવે નિલેશભાઈ, ઝાલા નિમિષાબેન, પટેલ સુનીત , પટેલ આરતીબેન, બારોટ શિલ્પાબેન અને પટેલ જગતની પસંદગી થઈ છે. જયારે મહામંત્રી તરીકે પ્રવિણભાઈ વાઘેલા, વિપુલકુમાર શાહ, ભાસ્કરભાઈ ગોહિલ, મિહીર રાણા અને પથિક પટેલની વરણી કરવામાં આવી છે. આણંદ જિલ્લાના વિવિધ મોરચાના પ્રમુખો પણ જાહેર કરાયા છે. જેમાં યુવા મોરચાની કમાન ભાગ્યેશ વ્યાસ(તારાપુર) ને સોપાઈ છે. મહિલા મોરચામાં મયુરીબેન પટેલ, કિસાન મોરચામાં અમીન દત્તેશ , ઓબીસી મોરચામાં હિતેશભાઈ ભરથરી , એસસી મોરચામાં ભાવેશભાઈ સોલંકી અને લઘુમત્તિ મોરચામાં ખલીલ અહેમદ સૈયદની વરણી કરાઈ છે. આ ઉપરાંત આઈટી સેલ ની જવાબદારી કિંજલ પટેલ અને સોશીયલ મીડીયાની જવાબદારી દિવ્યેશસિંહ રાજ ને સોંપવામાં આવી છે. જયારે દાહોદ જિલ્લામાં પ્રમુખ સ્નેહલ ધારીયાએ પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ નવી ટીમ બનાવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે શ્રીમતી સંયુકતાબેન મોદી, ભરતસિંહ સોલંકી, વિનોદભાઈ રાજગોર, મુકેશભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પટેલ, નીતાબેન પટેલ, મીરાબેન પરમાર, રમેશભાઈ તાવીયાડ અને અભિષેક મેડાની વરણી કરાઈ છે. જયારે મહામંત્રી તરીકે બાબુતસિંહ ચૌહાણ, મુકેશકુમાર લબાના, રતનસિંહ રાવત, રાહુલ રાવત અને રમેશ કટારાની વરણી કરવામાં આવી છે.

# સાયલા-ચોટીલા હાઈવે પર ખાનગી બસ પલટી ગઈ, ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. સાયલાના હડાળા બોર્ડ નજીક એક ખાનગી લકઝરી બસ પલટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે, જે પૈકી ત્રણની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. હાલ સ્થાનિક પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદથી રાજકોટ તરફ જઈ રહેલી ખાનગી બસ હડાળા બોર્ડ નજીક ચાલકે કાબૂ ગુમાવતા અચાનક પલટી ગઈ હતી.

અકસ્માતને પગલે મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ સાયલા, ચોટીલા અને ડોળિયા લોકેશનની ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને બસમાંથી બહાર કાઢી સારવાર અર્થે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.તમામ ૧૫થી વધુ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓની ગંભીરતા જોતા ૦૯ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.ચિંતાજનક બાબત એ છે કે, સાયલા પંથકમાં છેલ્લા બે દિવસમાં આ બીજી મોટી અકસ્માતની ઘટના છે. જેમાં જુદી જુદી બે લકઝરી બસોને નડેલા અકસ્માતમાં અત્યાર સુધીમાં કુલ ૩૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે.